# 5.0 આઝાદી પછી ભારતમાં સ્ત્રીઓની ભૂમિકા

ડૉ.જગદીશભાઈ આર મહિડા

- ઈ.સ. ૧૯૪૭ માં દેશને આઝાદી મળી. બંધારણ અમલમાં આવ્યું. એમાં સ્ત્રીઓને સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો.
- સ્ત્રીઓને કાનૂની રીતે પુરુષ સમાન અધિકારો આપવામાં આવ્યા.
- સ્ત્રીઓને મતાધિકાર -- વિશ્વમાં સૌ પ્રથમ ભારતે આપ્યા.
- હાલમાં સ્ત્રીઓને તમામ પ્રકારની પ્રવૃત્તિઓમાં સહયોગી બની છે.-- શિક્ષણ,રમત ગમત,રાજકારણ,માધ્યમો, કલા અને સંસ્કૃતિ, સેવાક્ષેત્ર, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી
- **કૌટુંબિક અને વ્યાવસાયિક ભૂમિકા:** આઝાદી પછી સ્ત્રીઓ માનસિક, વ્યાવસાયિક અને વૈચારિક રીતે વધુ સજાગ બની છે. કુટુંબ અને સમાજમાં તેનો દરજ્જો વધુ ઊંચો આવેલ છે.
- આજની ભારતીય સ્ત્રીઓ પોતાનો નિર્ણય પોતાના મતાનુસાર લઈ શકે છે.- પોતાની કારકિર્દી ઘડી શકે છે.
- કુટુંબની આર્થિક વ્યવસ્થા માટે તે નોકરી કે વ્યવસાય પણ કરી શકે છે, સાચા અર્થમાં તે પુરુષ સમોવડી બની છે.
- ભારતીય સમાજમાં તે ગૃહિણીના દરજ્જા સાથે કૌટુંબિક જીવન પણ જીવી શકે છે.
- **સમાન અધિકારો:**
- બંધારણના આર્ટિકલ - ૧૫ અન્વયે લિંગ આધારિત કેટલાક ભેદભાવ પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે.
- રાજકારણમાં ઉમેદવારી કરવાનો અને પ્રજાના પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ આવવાનો અધિકાર મળ્યો.
- લોકસભાની પ્રથમ ચૂંટણીમાં ૫૧ જેટલી સ્ત્રીઓએ ઉમેદવારી નોંધાવી હતી.
- **રાજકારણમાં સક્રીય ભૂમિકા:**
- મહત્ત્વના સ્થાનો પર મહિલાઓને સ્થાન------ ઈન્દિરા ગાંધીએ વિશ્વનેતામાં સ્થાન
- દેશના પ્રથમ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલ, લોકસભાના અધ્યક્ષ-- મીરાં કુમાર, કૉંગ્રેસ પક્ષના પ્રમુખ સોનિયા ગાંધી અને સુષ્મા સ્વરાજ જેવી સ્ત્રીઓ નારી શક્તિના ઉદાહરણ છે.
- માયાવતી, મમતા બેનરજી, જયલલિતા અને અંબિકા સોની, વસુંધરા રાજે સિંધિયા જેવી સ્ત્રીઓ રાજકારણમાં મહત્ત્વનું સ્થાન. ભારતના અનેક રાજ્યોમાં દારૂ વિરોધી અભિયાનમાં જોડાયેલ છે.
- ઘણી મુસ્લિમ સ્ત્રીઓએ મહિલા હક્કોનું ધાર્મિક નેતાઓ દ્વારા ચર્ચા કરેલ છે. ત્રણ તલાકની પ્રથાની આલોચના કરી છે.
- ભારત સરકારે ઈ.સ.૨૦૦૧ને મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે જાહેર કરેલ છે.
- માર્ચ ૨૦૧૦ માં રાજ્યસભામાં મહિલા અનામત ધારો પસાર કરવામાં આવ્યો. જેમાં સંસદ અને રાજ્યની વિધાન સભામાં ૩૩ ટકાની અનામતની ખાતરી આપવામાં આવી.
- કેટલીક વાર કુટુંબમાં છોકરા અને છોકરીઓ શાળાએથી ઘરે આવતાં હોય ત્યારે ધમાલ મસ્તી કરતાં જોવા મળે છે. ઘરે મમ્મી ઘરનું કામ કરતી હોય અને પિતા પોતાના વ્યવસાયથી પરત આવતાં જ ઘરમાં શાંતિનું વાતાવરણ છવાઈ જાય છે તેનું કારણ-------------

⇨ ધમાલ મસ્તીની જગ્યાએ બાળકોના હાથમાં પુસ્તકો આવી જતાં હોય છે.

⇨ ઘરમાં પિતાનો પ્રવેશ --- કેટલીક વાર ટીવી પરના કાર્યકર્મો બદલાઈ જતા હોય છે., ઘરનું વાતાવરણ શિસ્તબદ્ધ થઈ જાય

⇨ આ ઉપરથી સાબિત થાય છે કે ઘરમાં કોની સત્તા છે. -------મોટા ભાગે ઘરમાં પિતાની સત્તા માતાની સત્તા કરતાં વધારે હોય છે. એનું મુખ્ય કારણ પુરુષોનું આધિપત્ય

## ⇨ સ્ત્રીની જાતિયતા પર નિયંત્રણઃ

⇨ તેમના સંબંધોમાં પુરુષ કહે તે જ થાય.

⇨ સ્ત્રી માતૃત્વ ધારણ કરે તેમાં પણ પુત્ર જન્મે તો વધામણી તેનું સ્થાન અને માન વધે. જ્યારે પુત્રી જન્મે તો નારાજગી અને સાંભળવું પડે.

## ⇨ સ્ત્રીની પ્રજનન શક્તિ પર પુરુષનું નિયંત્રણઃ

⇨ માતૃત્વની બાબતે પણ પુરુષનું મહત્ત્વ

⇨ પ્રજનનની બાબતે પ્રજનન શક્તિ સ્ત્રી જ ધરાવે છે છતાં પણ તેની આ શક્તિને તો પુરુષ જ અંકુશમાં રાખે છે.

⇨ કેટલાં બાળકો હોવાં જોઈએ, કેટલી ઉંમરે, જન્મ નિયંત્રણ માટે શું કરવું તેમાં પણ પુરુષનો જ અધિકાર

⇨ ધર્મ અને રાજકારણ પણ તેમાં કેટલાક નિયમો લાવે છે. કેટલાક દેશ વસતિ અંકુશમાં લાવવા અને કેટલાંક દેશ વસતિ વધારવાનું કહે છે.

⇨ સ્ત્રીની ગતિશીલતા, મિલકત કે આર્થિક સાધનો પર નિયંત્રણ----- તેની જાતીયતાને કેન્દ્રમાં રાખીને તેના હરવા, ફરવા પર પ્રતિબંધ, પડદાપ્રથા, ઊંબરો ન ઓળંગવો, જાહેર જીવનથી દૂર રાખવી, અન્ય પુરુષ સાથેથી દૂર રાખવી, ક્યાં જવું, ક્યારે જવું અને ક્યાં ન જવું તેનો નિર્ણય પુરુષો જ લેતા હોય છે.

⇨ તેની મિલકત અને ઉત્પાદનના સાધનો પર પુરુષનો અંકુશ. પિયરમાં પણ પિતા તરફથી પુત્રને મિલકતનો અધિકાર આપવામાં આવે છે. જ્યારે સ્ત્રીને તેના આ વ્યક્તિગત અધિકારોથી વંચિત રાખવામાં આવે છે.

⇨ સમાજની કેટલીક સંસ્થાઓમાં પણ પુરુષો જ વહીવટ કરતાં હોય છે.